ચોરી કરતા હોવાની પણ કબુલાત આપી હતી.

ગુજ. સમાચાર

## ગીર જંગલમાં આશરે ૯ હજાર કૂવા વન્ય જીવો માટે મોતના કૂવા

# વન્ય સીમા પાસે ૧૦ ગામોમાં ૭૮૧ ખુલ્લા કૂવાને બંધ કર્યા

રાજકોટ,મંગળવાર

સૌરાષ્ટ્રનું આભુષણ અને ઓળખ સમાન ગીરજંગલના સિંહો માટે જંગલમાં છ કિલોમીટરની પેરીફેરીમાં આશરે ૯ હજાર કૂવાઓ મોતના કૂવા બની રહ્યા છે ત્યારે વાઈલ્ડ લાઈફ કોન્ઝર્વેશન ટ્રસ્ટ દ્વારા કૂલ ૧૦ ગામોમાં ૭૮૧ ખુલ્લા કૂવા ફરતે ફેન્સીંગ વોલ બાંધી તેને સુરક્ષિત કરાયાનું આજે જણાવાયું હતું.

## હજુ મોટુ પડકારરૂપ કામ બાકીઃ કૂવા ફરતે પાળો બનાવવા કાનુની જોગવાઈ કરવા માંગણી

જો કે ગીરના સિંહોને બચાવવા માટે આ મોટુ પડકારરૂપ કામ છે. ઉપરોક્ત કામગીરીમાં ગુજરાત વનખાતુ ઉપરાંત એન.આર.આઈ., અમેરિકાના પર્યાવરણપ્રેમીઓ વગેરે પણ આ 'સિંહ બચાવો' અભિયાનમાં જોડાયા છે. બે કોર્પોરેટ જૂથોએ પણ ૨૦૦૦ કૂવા બાંધી આપવા માટેની તૈયારી દર્શાવી છે. ઉપરોક્ત સંસ્થા દ્વારા આવા કોર્પોરેટ જૂથો કે દાતાને ટેકનિકલ સહયોગ અપાય છે.

ગીરજંગલ વિસ્તારમાં અનેક સિંહ-દિપડાં આવા ખુલ્લા કૂવામાં પડીને મોતને ભેટ્યા છે તે જગજાહેર છે ત્યારે રાજ્યસરકારે નવા કૂવા બનાવતા પહેલા તેના ફરતે દિવાલ બનાવવી કાનુની રીતે ફરજીયાત કરવાની તાતી જરૂર છે તેવી માંગણી સંસ્થાના એક્ઝી. ડાયરેક્ટર કિશોર કોટેચાએ આજે ઉઠાવી હતી. બે

એકંદરે સૌરાષ્ટ્રની આગવી પહેચાન સિંહને બચાવવા માટે સરકારી બજેટમાં જોગવાઈ અને વાસ્તવિક કામગીરી નહીવત્ હોય છે ત્યારે હવે પર્યાવરણપ્રેમી લોકોએ આ કામ ઉપાડવાની જરૂરિયાત સર્જાઈ છે.